# લલ્લુજી એન્ડ સન્સનું માંડવી બીચ ખાતેની તંબુ નગરીનું તદ્દન નવું કૌભાંડ બહાર આવ્યું

ગાંધીનગર, તા. ૧૨

બહુ ચર્ચિત કંપની લલ્લુજી એન્ડ સન્સ દ્વારા રણ ઉત્સવ અને કેવડીયામાં તંબુ નગરીઓ ઉભી કરીને આચરેલી કથિત ભ્રષ્ટાચારની ચર્ચા આજકાલ ચકડોળે ચડી છે. એવામાં આ કંપની દ્વારા માંડવી બીચ ઉપર તંબુ નગરી બનાવીને ગુજરાત ટુરિઝમ પાસેથી કરોડો લૂંટી લીધાની વિગતો બહાર આવી છે.

મળતી માહિતી મુજબ લલ્લુજી એન્ડ સન્સ દ્વારા કચ્છના માંડવી બીચ ઉપર ૧૩ ફેબ્રુઆરી થી ૧૩ એપ્રિલ ૨૦૨૦ સુધી 'વ્હાઈટ સેન્ડ બે' નામની તંબુ નગરી બનાવવામાં આવી હતી. જેમાં ૫૦ ટેન્ટ ઉભા કરવામાં આવ્યા હતા.

નવાઈની વાત તો એ છે કે આ ટેન્ટ ઉભા કરવા બદલ લલ્લુજી એન્ડ સન્સને ગુજરાત ટુરિઝમ દ્વારા મોટી રકમ કોઈ પણ પ્રકારની ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર ચૂકવી દેવામાં આવી હતી.

ગુજરાત ટુરિઝમના પૈસાથી ટેન્ટ સીટી ઉભી કર્યા બાદ લલ્લુજી એન્ડ સન્સ દ્વારા તેમાં રોકાનાર પ્રવાસીઓ પાસેથી પણ એક રાત્રીના ટેન્ટ દીઠ એસી ટેન્ટના રૂ. ૧૩ હજાર અ સાદા ટેન્ટના રૂ. ૯ હજાર જેવી મોટી રકમ ઉઘરાવવામાં આવી હતી. આમ લલ્લુજી એન્ડ સન્સ દ્વારા ગુજરાત ટુરિઝમ તથા પ્રવાસીઓ પાસેથી કરોડો રૂપિયા ભેગા કરવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે લલ્લુજી એન્ડ સન્સ દ્વારા ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ તંબુ નગરીઓ ઉભી કરીને ગુજરાત ટુરિઝમ તથા પ્રવાસીઓ પાસેથી મોટી રકમ વારંવાર પડાવી લેવામાં આવે છે અને ગુજરાત ટુરિઝમ પણ નિયમોની બાદબાકી કરીને આવી ખેરાત કરે છે. આ ચર્ચા એ ગુજરાત ટુરિઝમની ઈમેજને ધબ્બો લગાડ્યો છે.

# બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના એન.સી.સી. કેડેટ્સ સ્વચ્છતા અભિયાનની ઉજવણીમાં સ્વયંસેવક તરીકે જોડાયા





ગાંધીનગર, તા. ૧૨


બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી અભ્યાસકીય પ્રવુતિઓ ઉપરાંત સામાજિક પ્રવુતિઓમાં પણ હમેંશા અગ્રેસર રહે છે. કોલેજ માં ૨૦૧૯ થી શરુ કરેલા એન.સી.સી. કોર્ષના કેડેટ્સ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા શરુ કરાયેલ સ્વચ્છ પખવાડિયાના કાર્યક્રમમાં સ્વયં સેવક તરીકે જોડાયા છે.

ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાએ દર વર્ષે ૦૧ ડીસેમ્બરથી ૧૫ ડીસેમ્બર ના સમયને સ્વચ્છ પખવાડિયા તરીકે જાહેર કર્યો છે. આ અંતર્ગત અનેક પ્રકારના કાર્યક્રમો જેવા કે સેમીનાર ઐતિહાસિક સ્થળોની સ્વચ્છતા, હાઈજેનિક ડે, હેન્ડ વોશ ડે,પબ્લિક પાર્કની સ્વચ્છતા વગેરે જેવા અનેક કાર્યક્રમો ઉજવે છે, જેમાં કોલેજના એન.સી.સી. કેડેટ્સ નિઃસ્વાર્થ પૂર્વક સમાજ સેવા કરશે.

આ કાર્યક્રમ અંતર્ગત તા.૦૮-૧૨-૨૦૨૦ ના રોજ એન.સી.સી. ના ઈન્ચાર્જ લેફટનન્ટ રસિક જે. તન્નાએ ૨ ગુજરાત ઈન્ડેપ કોઈ સેકટર-૧૫, ગાંધીનગર ના યુનિટમાં 'પોતાના શહેરને સ્વચ્છ રાખવા શું કરવું જોઈએ?' વિષય પર એક્સપર્ટ વ્યક્તવ્ય આપ્યું હતું. જેમાં યુનિટની આશરે ૦૫ જેટલી કોલેજના કેડેટ્સ, કંપનીના કમાન્ડર. લેફ. કર્નલ અનીલ ચૌધરી અને પી.આઈ.સ્ટાફ હાજર રહ્યા હતા.

કોલેજના એન.સી.સી. યુનિટના કેડેટ્સના અને એન.સી.સી.ના ઈન્ચાર્જના આવા નિઃસ્વાર્થ સામાજિક કાર્ય માટે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતસિંહ વાઘેલા, ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડો.કિંજલ અધ્વર્યુએ પ્રો. રસિક તન્ના અને કેડેટ્સને અભિનંદન પાઠવ્યા હતા.

# આજે પુસ્તકોના માણસ જયંત મેઘાણીની વરચ્યુઅલ સ્મણાંજલિ સભા યોજાશે



ગાંધીનગર, તા. ૧૨

પુસ્તકોના માણસ તરીકે ઓળખાતા, ઉત્તમ પુસ્તક પ્રસારક, અનુવાદક જયંત મેઘાણીની સ્મૃતિમાં ૧૩મી ડિસેમ્બર, ૨૦૨૦, રવિવારે રાત્રે આઠથી દસ દરમિયાન ગુજરાતની વિવિધ સંસ્થાઓ દ્વારા વરચ્યુઅલ સ્મણાંજલિ સભાનું આયોજન કરાયું છે.

આ સભા ઝૂમ એપ્લિકેશન પર થશે. સભાનું સંચાલન રમેશ તન્ના કરવાના છે.

આ સભામાં ગુજરાતી પ્રકાશક મંડળ, ગુજરાતી બુક ક્લબ, માતૃભાષા અભિયાન, માતૃભારતી, શબ્દ સંવાદ, વઢિયાર સાહિત્ય મંચ, પોઝિટિવ મીડિયા પરિવાર, સેન્ટર ફોર એક્શલન્સ (ભાવનગર), શિશુવિહાર-બુધસભા (ભાવનગર), મારી ભાષા ગુજરાતી (દિલ્હી), આયના (અમેરિકા), ગાંધીનગર કલ્ચરલ ફોરમ વગેરે સંસ્થાઓ જોડાશે. ઝૂમ એપ્લિકેશન (Meeting ID: 949 098 1224 અને Passcode: 12345678 છે. ) પર કોઈ પણ વ્યક્તિ જોડાઈને જયંતભાઈ મેઘાણીને સ્મરણાંજલિ આપી શકશે.



અમદાવાદ એરપોર્ટ ખાતે કેંદ્રીય મંત્રી ગીરીરાજ સિંહનુ ગુજરાત બ્રાહ્મણ સમાજના યુવા અગ્રણી દિવ્ય ત્રિવેદીએ સ્વાગત કર્યું હતું તે પ્રસંગની તસ્વીર....

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલનો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં તાઃ- ૧૨/૧૨/૨૦૨૦ ના રોજ શાળાના -૧૭ મા 'સ્થાપના દિન' નિમિતે બાળકો દ્વારા ઓનલાઈન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ કાવ્યગાન, વક્તૃત્વ, ડ્રોઈંગ, નૃત્ય વગેરે જેવી પ્રવૃતિઓ રજૂ કરી ઊત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આ શુભદિન નિમિત્તે શાળાના ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી તેમજ શિક્ષકો દ્વારા બાળકોની અને શાળાની ઊત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સરકારી વિજ્ઞાન કૉલેજના વિદ્યાર્થીઓ મતદાર યાદી સુધારણા કામગીરીમાં જોડાશે





ગાંધીનગર, તા. ૧૨

એન.એસ.એસ. એકમ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર અને પ્રાંત ઓફીસ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૩૬-ગાંધીનગર (ઉતર)નાં મતદાર નોંધણી અને પ્રાંત અધિકારી શ્રી જે. એમ. ભોરાણીયા સાહેબ, નાયબ નોંધણી અધિકારી અને મામલતદાર સુનીલ રાવલ , કોલેજના આચાર્ય ડો. એમ. જી. ભટ્ટ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. ઉમેશ તરપદા તેમજ કુમાર ગઢવી (નાયબ મામલતદાર, ગાંધીનગર) અને મુકેશભાઈ (નાયબ મામલતદાર, ગાંધીનગર)નાં માર્ગદર્શન હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે તા. ૧૦-૧૨-૨૦૨૦ થી ૧૫-૧૨/૨૦૨૦ સુધી મતદાર યાદી સુધારણા ખાસ ઝુંબેશ સંદર્ભે કામગીરી ચાલી રહી છે. જેમાં અત્યાર સુધીમાં ૫૦થી વધુ નવા ફોર્મ નંબર-૬ ભરાયેલ છે વધુમાં આવતીકાલે સેકટર-૨૧ ખાતે શાક માર્કેટની નજીક કોલેજ તરફથી સ્ટોલ ઉભો કરવામાં આવશે જેમાં આ કામગીરી કરવામાં આવશે. આ કામગીરી કોલેજના એન.એસ.એસ. સ્વયંસેવક માનુષ, લક્ષ અને કુલદીપ દ્વારા થઈ રહી છે જે બદલ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર દ્વારા તેઓને અભિનંદન પાઠવ્યા હતા.

# નિર્દોષ જીવોની મરણચીસો માનવી પાસે જવાબ માંગી રહી છે

એકાદ વર્ષ પહેલાની વાત છે. જયારે જગતના કોઈ ખૂણે કોરોના જેવી મહામારીના રોગનું નામ કોઈએ સાંભળ્યું પણ નહોતું. ત્યારે આપણા એક પૂજ્ય સ્વમી સચ્ચિદાનંદની એક વાર્તા (લેખ) વાંચવામાં આવેલ, તેમાં તેમનું કહેવું હતું કે, 'જગતમાં દરરોજ હજારોની સંખ્યામાં નિર્દોષ અબોલ પશુ-પક્ષી સહિત અનેક જીવોની નિર્દય રીતે હત્યા - કતલ - થઈ રહી છે, અને કતલ સમયે તેના ગળામાંથી નિકળતી મરણ ચીસ દર્દનાખ હોય છે. આ ચીસ કયારેક શમી નથી જતી પણ અવકાશમાં (બ્રહ્માંડમાં) ફરતી રહે છે, અને આ ફરતી ચીસો સમય આવે માનવી પાસે જવાબ માંગશે !!'



અને હા, એ જ સમય આજે ચાલી રહ્યો છે. જગતનો માનવી કોઈ પણ ભય વગર હસતાં હસતાં આનંદના નામે, શોખના નામે, પેટના નામે, ધંધાના નામે, ધર્મના નામે નિર્દોષ જીવોની હત્યા આજે પણ કરી રહ્યો છે. અને તેનો કોઈ અફસોસ, દુઃખ કે સંકોચ પણ નથી. અને હવે... આજે નિર્દોષ જીવોની બ્રહ્માંડમાં ફરી રહેલી મરણ ચીસોનું પરિણામ (પશુ - પક્ષી તેમજ અન્ય જીવો સિવાય) ફક્ત જગતનો તમામ માનવી ભોગવી રહ્યો છે. કોરોના રૂપી મૃત્યુ આજે માનવ માત્રને માથે ફરી રહ્યું છે કે માનવી આજે શ્વાસ લેતા પણ ડરી રહ્યો છે અને જીવવા માટે ફાંફે ચઢી ગયો છે. આમાં ગોના પાપે પીંપળો પણ બળી રહ્યો છે જે સંગનું પરિણામ છે.

હે માનવી ! બચવા માટે પ્રાર્થના કે સારવાર એકલી નહીં ચાલે પણ ભોગ બનેલ નિર્દોષ જીવોની ખરા દિલથી માફી માંગવી અને હવે પછી હિંસા તુરંત બંધ કરવી. નિર્દય રીતે થતી કતલ બંધ કરવી એ જ આનો આખરી ઉપાય છે...

- એમ.આઈ. પટેલ

# વર્ષની સૌથી ભરોસાપાત્ર મિથુન ઉલ્કા વર્ષાનો નઝારો તા. ૧૩-૧૪ ના માણવા મળશે : ખગોળ શોખીનો આતુર

વર્ષ ૨૦૨૦ ની છેલ્લી એવી મિથુન ઉલ્કા વર્ષાની સુંદર આતશબાજી ૧૩ અને ૧૪ની મધરાત્રે જોવા મળવાની હોઈ ખગોળ શોખીનો રોમાંચિત થઈ ઉઠ્યા છે.દર વર્ષની જેમ આ વખતે પણ મિથુન રાશીની ઉલ્કા વર્ષા નો સુંદર નઝારો જોવા મળશે. આ બાબતે સ્ટારગેજીન્ગ ઈન્ડિયાના શ્રી નરેન્દ્ર ગોર જણાવે છે કે આ વર્ષે કેટલાક કુદરતી અનુકૂળ સંજોગોને કારણે ઉલ્કા વર્ષા વિશિષ્ટ બની રહેશે. ઉલ્કા વર્ષા વખતે ચન્દ્રની હાજરી ન હોવાથી અંધારી રાત્રે વધુ ઉલ્કાઓ જોવા મળશે. આમતો આ ઉલ્કા વર્ષાની શરૂઆત ૭મી ડિસેમ્બરથી થઈ ચુકી છે અને છૂટી છવાઈ ઉલ્કાઓ જોવા પણ મળી રહી છે પરંતુ સૌથી વધુ ઉલ્કાઓ ૧૩મી ની રાત્રે એટલે કે રાત્રીના ૧૨ વાગ્યા પછી થી શરૂ થતી ૧૪ તારીખના ખરવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે. ઈન્ટરનેશનલ મેટિયોર ઓર્ગનાઈઝેશન (આઈએમઓ) ના જણાવ્યા મુજબ ઉલ્કા વર્ષાની પરાકાષ્ટા ૧૩ મી ની મધ્ય રાત્રીના સમયે જોવા મળશે જે ભારતિય ખગોળ શોખિનો માટે આનંદના સમાચાર છે કેમકે ત્યારે મિથુન રાશી આકાશમાં ઉંચે આવી ગઈ હશે તથા ૧૪ મી તારીખે અમાસ હોવાથી ચન્દ્રની હાજરી પણ નહી હોવાથી આકાશ દર્શનના રસીયાઓએ ઉલ્કા નિરિક્ષણની તૈયારીઓ આરંભી દીધી છે. આ બાબતે વધુ માહિતિ આપતાં શ્રી ગોર જણાવે છે કે ઉલ્કા દર્શન માટે ટેલિસ્કોપ કે દુરબિન જેવા ઉપકરણોની આવશ્યકતા નથી. આ ઘટના નરી આંખે નિરખવાની હોઈ શહેરી પ્રકાશથી દૂર જ્યાં વધુ અંધારૂં હોય તેવું સ્થળ પસંદ કરવું જોઈએ. અલબત ઠંડીની શરૂઆત થઈ ગયેલી હોઈ જરૂરીયાત મુજબ ગરમ વસ્ત્રો વિ. ની કાળજી લેવી જોઈએ.

મિથુન રાશીના બે તારા પુરૂષ અને પ્રકૃતિ મૃગ મંડળથી ઉત્તર પુર્વ તરફ ઉગેલા સહેલાઈથી ઓળખી શકાશે. આ ઉલ્કા વર્ષા આકાશના કોઈ ચોક્કસ ભાગમાં નહીં પણ ચારે તરફ જોવા મળશે આથી તમારા નિરિક્ષણ સ્થળથી જે દિશામાં વધુ અંધારૂં હોય તે દિશા તરફ ધ્યાન કેન્દ્રીત કરવાથી વધુ ઉલ્કાઓ જોઈ શકાશે. આ વરસે કલાકની ૧૫૦ ઉલ્કાઓ ખરવાની સંભાવના આઈએમઓ દ્વારા દર્શાવવામાં આવી છે. મિથુન ઉલ્કા વર્ષાનું સ્રોત ૩૨૦૦ ફાયથન નામનો લઘુ ગ્રહ છે. તે ૫૨૪ દિવસમાં સૂર્યની પરિક્રમા પુરી કરતો હોવાથી દર વર્ષે તે પૃથ્વિ વાસીઓને ભરોસાપાત્ર રંગીન, પ્રકાશીત, લાંબી ઉલ્કાઓની ભેટ ધરતો રહે છે. દર વર્ષે કચ્છના રણને માણવા આવતા પ્રવાસીઓ રણ ઉત્સવ દરમિયાન રણનો અવકાશી નઝારો માણતા જ હોય છે ત્યારે આ વખતે ઉલ્કા વર્ષા નિહાળવાની ખાસ વ્યવસ્થા રણમાં વ્હાઈટ રણ કેમ્પેઈનના સહયોગથી ગોઠવવામાં આવે છે. રાજ્યમાં વિવિધ સ્થળોએ પણ સ્થાનિક ખગોળ મંડળો દ્વારા ઉલ્કા વર્ષા નિહળવાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે જેનો સંપર્ક સાધી શકાય વધુ માહિતિ કે જાણકારી માટે સ્ટારગેજીંગ ઈન્ડિયાના નિશાંત ગોર ૯૮૭૯૫૫૪૭૭૦ તથા નરેન્દ્ર ગોરનો ૯૪૨૮૨૨૦૪૭૨ સંપર્ક સાધવા યાદીમાં જણાવવામાં આવેલ છે. વધુ માહિતી. stargazingindia.com વેબસાઈટ પરથી મેળવી શકાશે.


# મિસિસ બેક્ટર્સ ફૂડનો રૂ. ૫૪૦ કરોડનો આઈપીઓ ૧૫ ડિસેમ્બરે ખુલશે

મિસિસ બેક્ટર્સ ફૂડ સ્પેશિયાલિટિનો રૂ. ૫૪૦ કરોડનો આઈપીઓ જાહેર ભરણા માટે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ ખુલશે. આઈપીઓ માટે શેર દીઠ રૂ. ૨૮૬-૨૮૮ પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. આઈપીઓમાં રૂ. ૪૦.૫૪ કરોડના શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૫૦૦ કરોડ એકત્ર કરવા માટે વર્તમાન શેરહોલ્ડર્સના ઓફર ફોર સેલ સામેલ છે.

જાહેર ભરણા માટે આઈપીઓ ૧૫ ડિસેમ્બરે ખુલશે અને ૧૭ ડિસેમ્બરે બંધ થશે. ઈશ્યૂ દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ બિસ્કિટ્સ માટે નવી પ્રોડક્શન લાઇનની સ્થાપના દ્વારા રાજપુરા મેન્યુફેક્ચરિંગ એકમના વિસ્તરણ અને અન્ય સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરાશે.

મિસિસ બેક્ટર્સ ફૂડ બિસ્કિટ્સ, બ્રેડ્સ અને બન જેવી પ્રોડક્ટ્સનું ઉત્પાદન અને વેચાણ કરે છે. તે ફ્લેગશીપ બ્રાન્ડ ''મિસિસ બેક્ટર્સ ક્રિમિકા'' અને ''ઈંગ્લિશ ઓવન'' હેઠળ અનુક્રમે બિસ્કિટ્સ અને બ્રેડની વિશાળ શ્રેણીનું વેચાણ કરે છે.

પ્રારંભિક શેર સેલમાં લાઇનસ પ્રાઈવેટ લિમિટેડ, મેબલ પ્રાઈવેટ લિમિટેડ, જીડબલ્યુ કોન્ફેક્શરિઝ પીટીઈ લિમિટેડ સ્ટોક્સ ઓફર કરશે. એસબીઆઇ કેપિટલ માર્કેટ્સ, આઇસીઆઇસીઆઇ સિક્યુરિટિઝ અને આઇઆઇએફએસ સિક્યુરિટિઝ કંપનીના આઈપીઓનું સંચાલન કરશે. ઈક્વિટી શેર્સ બીએસઇ અને એનએસઇ ઉપર લિસ્ટ થશે.





એસ.એસ.વી કેમ્પસમાં સ્કુલના શિક્ષકોએ ઈન્ટરનેશનલ એન્ટી કરપ્શન ડેની ઉજવણીના ભાગ સ્વરૂપે બાળકોમાં ભ્રષ્ટાચાર પ્રત્યે જાગૃતિ લાવવા માટે ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર વિરોધી દિવસના અનુસંધાનમાં ભ્રષ્ટાચાર અંગે જાગૃતિ લાવવા અને તેને કઈ રીતે અટકાવી શકાય તે અંગેની સમજુતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ભવિષ્યમાં પોતાનું કામ કઢાવવા માટે પૈસા નહીં આપે કે કોઈનું કામ કરવા માટે પૈસા નહીં લે તેવી પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

# જન્મદિને વધામણી



અનંત પટેલ
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩



જયંત પી ભટ્ટ
એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩



છાયાબેન વાય પંડ્યા
વહીવટી અધિકારી
તબીબી વિભાગ



સતિષકુમાર સી ઠાકર
મો. ૯૪૨૬૩ ૬૭૫૯૬



નીલીમા શાહ
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર ફેમીના



હેત પટેલ
મો. ૯૭૨૩૩ ૧૨૮૧૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



મસ્ક પહેરો... સ્વસ્થ રહો...